# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 28-12-2024 Evening : 7.50 to 8.00
Day : Saturday National News

## આકાશવાણી સમાચાર **નીશા શ્રીમાળી** વાંચે છે.

****************************************************

- ભૂતપૂર્વ પ્રધાનમંત્રી ડૉ. મનમોહન સિંહના સંપૂર્ણ રાજકીય સન્માન સાથે આજે નવી દિલ્હીના નિગમ બોધ ઘાટ ખાતે અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા છે.
- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે સવારે 11 વાગ્યે આકાશવાણી પરથી પ્રસારિત થનાર મન કી બાતમાં વિવિધ વિષયો પર વિચારો રજૂ કરશે.
- કેન્દ્ર સરકારે કેબ ઓપરેટરો દ્વારા એક જ રૂટ ઉપર અલગ અલગ ભાડુ લેવાના થયેલા આક્ષેપોની તપાસ કરવા CCPA ને નિર્દેશ આપ્યો છે.
- ઇસરો મહત્વનું અવકાશ ઉપગ્રહ જોડાણ પરિક્ષણ આ સોમવારે હાથ ધરશે.
- ગુજરાતના નાગરિકો રાઇટ ટુ સીએમઓ' સ્વર પ્લેટફોર્મ દ્વારા આ વેબસાઇટ ઉપર બોલીને પોતાની અરજી કે ફરિયાદ નોંધાવી શકશે.
- ઓસ્ટ્રેલિયામાં રમાઈ રહેલી ચોથી ક્રિકેટ ટેસ્ટ મેચમાં આજે ત્રીજા દિવસની રમતના અંતે ભારતે પહેલી ઇનિંગમાં નવ વિકેટે 358 રન નોંધાવ્યા છે..

****************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# MANMOHAN SINGH FUNERAL

ભૂતપૂર્વ પ્રધાનમંત્રી ડૉ. મનમોહન સિંહના સંપૂર્ણ રાજકીય સન્માન સાથે આજે નવી દિલ્હીના નિગમ બોધ ઘાટ ખાતે અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા છે. આ પહેલા ડૉ. મનમોહન સિંહના પાર્થિવ દેહને તેમના આવાસથી દિલ્હીના કૉંગ્રેસ મુખ્યમથક લાવવામાં આવ્યો હતો. ત્યારબાદ કૉંગ્રેસ મુખ્યમથકથી અંતિમ ધામ સુધી તેમની અંતિમ યાત્રા નીકળી હતી.

નિગમ બોધ સ્મશાન ઘાટ પર રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ, ઉપ-રાષ્ટ્રપતિ જગદીપ ધનખડ, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી, કૉંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જૂન ખડગે, કૉંગ્રેસ નેતા રાહુલ ગાંધી સહિતના નેતાઓએ તેમજ ચીફ ઓફ આર્મી સ્ટાફ જનરલ ઉપેન્દ્ર દ્વિવેદી તેમજ સેનાની ત્રણેય પાંખના વડાઓ અને ભૂતાનના નરેશ સહિતના મહાનુભાવોએ ડૉ. મનમોહન સિંહના અંતિમ દર્શન કરી શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. 26 ડિસેમ્બરે ભૂતપૂર્વ પ્રધાનમંત્રી ડૉ. મનમોહન સિંહનું નવી દિલ્હીની એઈમ્સમાં 92 વર્ષની વયે અવસાન થયું હતું.

# BJP TRIVEDI MEMORIAL

ભાજપના પ્રવક્તા સુધાંશુ ત્રિવેદીએ કહ્યું કે, કેન્દ્રીય મંત્રીમંડળની ગઈકાલે યોજાયેલી બેઠકમાં ભૂતપૂર્વ પ્રધાનમંત્રી ડૉ. મનમોહન સિંહની યાદમાં સ્મારક બનાવવાનો નિર્ણય લેવાયો છે. તેમણે વધુમાં જણાવ્યું કે, ....

(ઓડિયો – સુધાંશુ ત્રિવેદી, પ્રવક્તા ભાજપ)

# PM-MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે સવારે 11 વાગ્યે આકાશવાણી પરથી પ્રસારિત થનાર મન કી બાત કાર્યક્રમમાં વિવિધ વિષયો પર પોતાના વિચારો રજૂ કરશે. હિન્દીમાં મન કી બાતના પ્રસારણ બાદ ગુજરાતીમાં તેનો ભાવાનુવાદ પ્રસારિત કરાશે.

ઉપરાંત આવતીકાલે રાત્રે આઠ વાગે રાજ્યના તમામ આકાશવાણી કેન્દ્રો પરથી મન કી બાત કાર્યક્રમના ગુજરાતી ભાવાનુવાદનું પુનઃ પ્રસારણ કરાશે.

આ કાર્યક્રમ આકાશવાણીના તમામ નેટવર્ક, AIR ન્યૂઝ વેબસાઇટ અને ન્યૂઝ ઑન AIR મોબાઇલ એપ પર પ્રસારિત કરાશે. આકાશવાણી સમાચાર, દૂરદર્શન સમાચાર, પ્રધાનમંત્રી કાર્યાલય તેમજ માહિતી અને પ્રસારણ મંત્રાલયના યુ-ટ્યૂબ ચેનલ પરથી પણ મન કી બાત કાર્યક્રમનું જીવંત પ્રસારણ કરાશે.

# JOSHI- CABS

કેન્દ્ર સરકારે કેબ ઓપરેટરો દ્વારા એન્ડ્રોઇડ અને એપલ ઉપકરણો ઉપર એક જ રૂટ ઉપર અલગ અલગ ભાડુ લેવાના થયેલા આક્ષેપોની સંપૂર્ણ તપાસ કરવા કેન્દ્રીય ગ્રાહક સુરક્ષા સત્તામંડળ - CCPA ને નિર્દેશ આપ્યો છે.

કેન્દ્રીય ગ્રાહક બાબતોના મંત્રી પ્રહ્લાદ જોષીએ વધુમાં જણાવ્યું છે કે, CCPA ને કેબ ઉપરાંત ખાદ્ય પદાર્થોની ડિલીવરી તેમજ ઓનલાઇન ટિકીટ બુક કરતી એપ જેવા વિવિધ ક્ષેત્રોમાં ગ્રાહકો પાસેથી લેવાતા નાણાંના માળખાની પણ તપાસ કરવાનો નિર્દેશ અપાયો છે.

CCPA ને આ બધી જ બાબતોની સંપૂર્ણ તપાસ કરીને શક્ય એટલા વહેલા પોતાનો અહેવાલ કેન્દ્ર સરકારને આપવાનો આદેશ અપાયો છે. શ્રી જોષીએ કહ્યું કે, કેન્દ્ર સરકાર ગ્રાહકોના શોષણ સામે કડક પગલાં લેશે.

# ISRO-SPADEX

ભારતીય અવકાશ સંશોધન સંસ્થા – ઇસરો મહત્વનું અવકાશ ઉપગ્રહ જોડાણ પરિક્ષણ આ સોમવારે હાથ ધરશે. કેન્દ્રીય અવકાશ રાજ્યમંત્રી જીતેન્દ્રસિંહે જણાવ્યું છે કે, આ ઐતિહાસિક મિશનમાં બે ઉપગ્રહોને PSLV રોકેટની મદદથી અવકાશમાં મોકલ્યા બાદ તેમણે સ્વદેશી ટેકનોલોજી - ભારતીય ડોકિંગ સિસ્ટમ દ્વારા અવકાશમાં જોડવામાં આવશે.

આ મિશન સફળતાથી પૂર્ણ થતાં આવી આગવી અવકાશ ટેકનોલોજી ધરાવતા થોડા દેશોના જૂથમાં ભારત સ્થાન મેળવશે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી **Youtube** ચેનલ **A.I.R.** ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ **newsonair.gov.in/**સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ **A.I.R.** ન્યૂઝ અન્ડરસ્કોર **ABAD** ને ફોલોં કરશો.

ગોન્ગ મ્યુઝિક

# SWAR PLATFORM

ગુજરાતના નાગરિકો રાઇટ ટુ સીએમઓ' સ્વર પ્લેટફોર્મ દ્વારા આ વેબસાઇટ ઉપર બોલીને પોતાની અરજી કે ફરિયાદ નોંધાવી શકશે. ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે સીએમઓની વેબસાઇટ સ્પીચ ટુ ટેકસ્ટ સુવિધા આપનાર **SWAR** પ્લેટફોર્મનો શુભારંભ કરાવ્યો હતો.

મુખ્યમંત્રી કાર્યાલય દ્વારા ભારત સરકારના ઇલેક્ટ્રોનિક્સ અને ઇન્ફોર્મેશન ટેક્નોલોજી મંત્રાલયની ભાષિણી ટીમ સાથે મળીને આ પ્લેટફોર્મ વિકસાવ્યું છે.

# LOTHAL NMHC

કેન્દ્રીય મંત્રી સર્વાનંદ સોનોવાલ, મનસુખ માંડવિયા અને ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે લોથલ ખાતે નિર્માણાધીન દેશના પ્રથમ રાષ્ટ્રીય દરિયાઈ વારસા સંકુલ - NMHCની કાર્યપ્રગતિની આજે સમીક્ષા કરી છે.

આ પ્રસંગે શ્રી સોનોવાલે કહ્યું, આ પ્રોજેક્ટ પ્રવાસનને વેગ આપશે, દરિયાઇ શિક્ષણ માટે એક મંચ પૂરો પાડશે. આ પ્રોજેક્ટના કારણે સ્થાનિક યુવાનને નોકરીઓ અને કુશળતા વિકાસ માટે નવી તકો મળશે.

શ્રી સોનોવાલ અને અન્ય મહાનુભાવોએ લોથલમાં INS નિશાંક, લોથલ જેટ્ટી વોક વે અને મ્યુઝિયમ બ્લોકની મુલાકાત લીધી હતી

# EAM-US VISIT

વિદેશ મંત્રી ડોક્ટર એસ. જયશંકરે અમેરિકાના પ્રતિનિધિ અને અમેરિકાની નવી સરકારમાં રાષ્ટ્રીય સલામતી સલાહકાર બનનાર માઇક્લ વોલ્ટજ સાથે અમેરિકામાં મંત્રણા કરી છે.  સોશ્યલ મીડિયા ઉપર આપેલા સંદેશામાં શ્રી જયશંકરે જણાવ્યું કે, આ મંત્રણામાં દ્વિપક્ષીય ભાગીદારી ઉપરાંત વર્તમાન આંતરરાષ્ટ્રીય મુદ્દાઓ અંગે પણ ચર્ચા વિચારણા થઈ છે.

# EVE. IMD-WEATHER

ઉત્તરભારતના કેટલાંક વિસ્તારોમાં આવતીકાલથી ઠંડીનું તીવ્ર મોજું ફરી વળી શકે છે. આકાશવાણી સાથેની વાતચીતમાં ભારતીય હવામાન વિભાગના વરિષ્ઠ વૈજ્ઞાનિક આર. કે. જેનામનીએ જણાવ્યું હતું કે, દિલ્હી સહિત ઉત્તર ભારતના કેટલાંક વિસ્તારોમાં ગાઢ ધુમ્મસની સ્થિતિ ઊભી થવાની સંભાવના છે. જ્યારે ઉત્તરપ્રદેશ, બિહાર, મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્રના અંતરિયાળ વિસ્તારોમાં આવતીકાલે કેટલાંક સ્થળોએ ગાજવીજ સાથે વરસાદ થઈ શકે છે.

# UTTARAKHAND- SNOWFALL

ઉત્તરાખંડના પીઠોરાગઢ, ઉત્તરકાશી, ચમોલી સહિત ઉંચાઇવાળા ઘણા વિસ્તારોમાં આજે હિમવર્ષા થઈ છે. અમારા સંવાદદાતા જણાવે છે કે, ઉત્તરાખંડના મેદાની પ્રદેશમાં મધ્યમથી ભારે વરસાદ ઘણી જગ્યાએ થયો છે. આના પરિણામે સમગ્ર ઉત્તરાખંડમાં તાપમાનમાં નોંધપાત્ર ઘટાડો નોંધાયો છે. ચમોલી અને બાગેશ્વર જિલ્લા વહીવટી તંત્રે ધોરણ 12 સુધી શાળામાં આજે રજા અપાઈ છે.

દરમિયાન હિમાચલપ્રદેશમાં ઘણા વિસ્તારોમાં ઉંચાઈવાળા સ્થળોએ હિમવર્ષા થયાના અહેવાલ છે. જાણીતા પ્રવાસન સ્થળે કિન્નોર ખાતે એક ફૂટ જેટલી નવેસરથી હિમવર્ષા થઈ છે.

એવી જ રીતે લદ્દાખમાં થયેલી ભારે હિમવર્ષાના પગલે લદ્દાખને શ્રીનગર અને અન્ય સ્થળોએ જોડતા ધોરીમાર્ગો ઉપરનો વાહન વ્યવહાર ખોરવાયો છે. કારગીલના નાયબ કમિશનરે જણાવ્યું છે કે, ધોરીમાર્ગ ઉપરનો બરફ શક્ય એટલી ઝડપથી દૂર કરાશે તેમજ કારગીલમાં આવશ્યક ચીજવસ્તુઓનો પુરવઠો અગાઉ પૂરતા પ્રમાણમાં મોકલવામાં આવ્યો છે.

# REV NCW-COMMITTEE

રાષ્ટ્રીય મહિલા પંચે ચેન્નાઈની અન્ના યુનિવર્સિટી ખાતે નોંધાયેલા કહેવાતા જાતિય હુમલાના બનાવની તપાસ કરવા સત્ય શોધક સમિતિની રચના કરી છે. મહિલા પંચની યાદીમાં જણાવ્યા મુજબ મહિલા પંચના સભ્ય મમતાકુમારી અને મહારાષ્ટ્રના ભૂતપૂર્વ પોલીસ વડા પ્રવીણ દિક્ષીતની બનેલી આ સમિતિ સમગ્ર બનાવનો આરંભ તેમજ સંબંધિત અધિકારીઓએ આ ઘટના અંગે કરેલી કાર્યવાહીની તપાસ કરશે.

સમિતિના સભ્યો પીડિતા, તેના પરિવારજનો, મિત્રો, બીનસરકારી સંસ્થાઓ સાથે વાતચીત કરીને માહિતી મેળવશે અને આ પ્રકારના બનાવો ફરીથી ન થાય તે માટે જરૂરી પગલાં સૂચવશે.

બે દિવસ અગાઉ રાષ્ટ્રીય મહિલા પંચના અધ્યક્ષા વિજયા રાહતકરે આ બનાવની જાતે નોંધ લઈને તમિલનાડુના પોલીસ વડાને પીડિતાની ઓળખ જાહેર કરનાર સામેકાર્યવાહી કરવા અને પીડિતાને તબીબી સારવાર વિના મૂલ્યે મળી રહે બાબત સુનિશ્ચિત નિદેશ આપ્યો હતો.

# CRICKET - BGT TEST-DAY 3

ઓસ્ટ્રેલિયાના મેલબોર્ન ખાતે રમાઈ રહેલી ચોથી ક્રિકેટ ટેસ્ટ મેચમાં આજે ત્રીજા દિવસની રમતના અંતે ભારતે પહેલી ઇનિંગમાં નવ વિકેટે 358 રન નોંધાવ્યા છે. ઓસ્ટ્રેલિયાએ પહેલી ઇનિંગમાં નોંધાવેલા 474 રનની સરસાઈ કાપવા ભારતને હજી 116 રનની જરૂર છે.

ભારત વતી નીતિશકુમાર રેડ્ડીએ લડાયક રમત રમીને અણનમ રહી નોંધાવેલા 105 અને વોશિંગ્ટન સુંદરના 50 રનની મદદથી ભારતે ઓસ્ટ્રેલિયાને વળતી લડત આપી હતી. રમત બંધ રહી ત્યારે રેડ્ડીએ 105 અને મોહમ્મદ સિરાજ બે રન સાથે રમતમાં છે.

ઉલ્લેખનીય છે કે, પાંચ ટેસ્ટ મેચોની આ શ્રેણીમાં ભારત અને ઓસ્ટ્રેલિયા 1-1 મેચ જીતીને બરાબરીમાં છે.